# લાયોનેસ ક્લબ દ્વારા અકિંચન બાળકો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૫

સૅક્ટર-૧ ઉના ઝૂંપડવાસમાં રહેતા અને સરકારી શાળામાં અભ્યાસ કરતાં ૪૫૦ જેટલાં બાળકો માટે લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરના ઉપક્રમે બાલ સંસ્કાર કેન્દ્ર દ્વારા આદર્શ વિદ્યાર્થી કેવી રીતે બનાય અને આદર્શ વિદ્યાર્થી પોતે તથા પોતાના પરિવારને કેવી રીતે વ્યસનમુક્ત કરી શકે તે અંગે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલ સંસ્કાર કેન્દ્રનું સંચાલન ગાયત્રી પરિવાર, સરગાસણના બાલપ્રેમી દિનેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે બાળકોને પ્રશ્નો પણ પૂછ્યા હતા અને સાચા જવાબો આપનારાં બાળકોને યુગ સાહિત્ય અર્પણ કરીને સન્માનિત કર્યાં હતાં. વિદ્યાર્થીઓએ પોતાના પરિવારને વ્યસનમુક્ત બનાવવાનો સંકલ્પ આ પ્રસંગે લીધો હતો.

કાર્યક્રમનું સંચાલન લાયોનેસ પ્રમુખ દક્ષાબેન જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૧ ઉની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય હિમાંશુભાઈ અને નંદનવન શાળાના આચાર્ય યોગેશભાઈ દરજીનો સહયોગ આ ઉપક્રમ માટે સંસ્થાને પ્રાપ્ત થયો હતો.

# સમર્પણ કૉલેજ દિલ્હીમાં ઝળકી



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સ્થિત, શૈક્ષણિક - સાંસ્કૃતિક - સાહિત્યિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કોલેજની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું હોય તેવી એક ઘટના પ્રજાસત્તાક દિને બની હતી. ગત પ્રજાસત્તાક દિનની નવી દિલ્હી ખાતે યોજાયેલી પરેડમાં કોલેજના એકાઉન્ટન્સી વિભાગના અધ્યાપક અને સાંસ્કૃતિક સમિતિનાં સદસ્ય ડૉ. મનીષા રબારીની આગેવાની હેઠળ કોલેજના ચાર વિદ્યાર્થીઓ - કુ. પ્રાચી ખત્રી, કુ. નિશા જાની, શ્રી ભાગ્યરાજ ગઢવી અને રાજવીરસિંહ ચૌહાણે જલશક્તિ મંત્રાલયના ટેબ્લોમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ ટેબ્લોમાં આપણી ભારતીય સંસ્કૃતિ નદીકાંઠે વિકસી છે, જળ એ જ જીવન છે અને જળની ઉપયોગિતા અને યોગ્ય માત્રામાં વપરાશ જેવાં રાષ્ટ્રને અનિવાર્ય એવાં સાંસ્કૃતિક સંદેશાઓની અભિનય સહ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. એમની સુંદર રજૂઆતને પરિણામે આ ટેબ્લોને મંત્રાલયોની શ્રેણીમાં પ્રથમ સ્થાન મળ્યું હતું. રાષ્ટ્ર કક્ષાએ મેળવેલી આ સિદ્ધિ સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કોલેજનું નામ ઉજાળનારી અને સંસ્થાને ગૌરવ અપાવનારી છે તેમ જણાવીને ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને આચાર્ય ડૉ. દીપક પંડ્યાએ ભાગ લેનાર અધ્યાપકશ્રી અને સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## જન્મદિને વધામણી



જયસુખલાલ સંઘજીભાઈ દોશી
મો. ૯૪૨૮૦ ૪૪૪૫૧



રીયાન કુંજલભાઈ પટેલ



રીયા કુંજલભાઈ પટેલ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આઈટીઆઈ ઈન્સ્ટ્રક્ટર્સ માટે સીઆઈટીએસ પરીક્ષા ફરજીયાત

ગાંધીનગર, તા. ૫

શ્રમ અને રોજગાર વિભાગે ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓની ગુણવત્તા સુધારવાના પ્રયાસ તરીકે સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સ માટે ક્રાફટસ ઈન્સ્ટ્રક્ટર ટ્રેઈનિંગ સ્કીમ (CITS) પરીક્ષા પાસ કરવાનુ ફરજીયાત બનાવ્યું છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવે છે કે “ડિરેકટર જનરલ ઓફ ટ્રેઈનિંગ કે જે કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના નેજા હેઠળ કામ કરે છે. તેમાં વિવિધ ટ્રેડઝ/ ગ્રુપ્સની સીઆઈટીએસ પરીક્ષામાં સમાવેશ કરવામાં આવ્યો છે. સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરે તેમના પાંચ વરસના કોન્ટ્રાકટ દરમ્યાન આ ટ્રેડઝ/ ગ્રુપ્સની પરીક્ષા પાસ કરી લેવાની રહેશે. તેનાથી ઈન્સ્ટ્રક્ટરોની ગુણવત્તામાં સુધારો થશે અને તેને કારણે આઈટીઆઈમાં તાલિમની ગુણવત્તામાં પણ સુધારો થશે.”

શ્રમ અને રોજગાર વિભાગે ૧૮ આઈટીઆઈ ખાતે સીઆઈટીએસના અભ્યાસક્રમ મુજબ ઈન્સ્ટ્રક્ટર્સ માટે ટ્રેડ પ્રેકટીસ અને તાલિમ પદ્ધતિની ઘનિષ્ઠ તાલિમ શરૂ કરી છે. આઈટીઆઈમાં ત્રણ વર્ષ કે તેથી ઓછા સમયથી સર્વિસ કરતા ૬૦૦થી વધુ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સ અને જેમની નિમણુકો પાઈપલાઈનમાં છે તેવા ઈન્સ્ટ્રક્ટર્સને આ હિલચાલથી લાભ થશે. તેમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે “અમે આઈટીઆઈ માટે ૨૩૦૦થી વધુ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સની નિમણુકની પ્રક્રિયા હાથ ધરી રહ્યા છીએ. આ ઈન્સ્ટ્રક્ટર્સે પણ સીઆઈટીએસ પરીક્ષામાં સામેલ થવુ પડશે. આ પરીક્ષાનું સંચાલન ગુજરાત સબોર્ડીનેટ સર્વિસ સિલેકશન બોર્ડ (GSSSB) મારફતે કરવામાં આવશે. જે ઈન્સ્ટ્રક્ટર્સ આ પરીક્ષા નિર્ધારિત સમયમાં પાસ નહી કરે તેમને તેમના કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયે છૂટા કરવામાં આવશે. ” આ ઉપરાંત ગ્રાન્ટ-ઈન-એઈડ આઈટીઆઈમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સની ખાલી પડેલી જગાઓ પણ જીએસએસએસબી મારફતે જ પૂરવામાં આવશે. શ્રમ અને રોજગાર વિભાગે સૌ પ્રથમ તો બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ મારફતે અને હવે પરીક્ષા વડે ઈન્સ્ટ્રક્ટર્સની ભૂમિકાનુ સરલીકરણ કર્યુ છે. વિપુલ મિત્રાના જણાવ્યા મુજબ આ પધ્ધતિ દાખલ કરવાનો હેતુ એ છે કે અન્ય તાલીમ સંસ્થાઓની જેમ ઈન્સ્ટ્રક્ટર્સ પોતાની જાતને સતત અપગ્રેડ કરતા રહે. ઈન્સ્ટ્રક્ટર્સની સતત શિખવાની પ્રક્રિયાથી તે ઉદ્યોગમાં સામાન્યપણે વપરાતી નવી ટેકનિક અને કૌશલ્ય વડે પોતાને અપગ્રેડ કરી શકશે.

# શિવરંજની દ્વારા ૭મીએ ભજન સંધ્યાનો કાર્યક્રમ

## પથિકાશ્રમ પરિસરમાં આયોજિત કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો ઉપરાંત રસજ્ઞ નાગરિકો પણ ઉપસ્થિત રહી શકશે

ગાંધીનગર, તા. ૫

શિષ્ટ સંગીતની પ્રવૃત્તિ કરતી સંસ્થા ‘શિવરંજની’ દ્વારા પોતાના સભ્યો માટે ભજન સંધ્યાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી અને પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ભજન સંધ્યા ‘હજો હાથ કરતાલ’નો કાર્યક્રમ તા. ૭મી ફેબ્રુઆરી ને શુક્રવારે સાંજે ૬.૪૫થી ૯.૪૫ દરમિયાન પથિકાશ્રમ લોન, સૅક્ટર-૧૧ ખાતે યોજવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યના ખ્યાત અને સિનિયર કલાકાર હસમુખ પાટડિયા અને ગાર્ગી વોરા આ કાર્યક્રમમાં સુરીલાં ભજનોની રજૂઆત કરશે. સંસ્થાના સભ્યો ઉપરાંત ભજનમાં રસ ધરાવતાં સૌ નગરજનોને આ કાર્યક્રમ માણવા તેમણે સંસ્થા વતી ઈજન પાઠવ્યું છે.



શ્રી જય પ્રકાશ વિદ્યાલય સેકટર-૨૬ ખાતે પી.સી.આર.એ. અને ગેઈલ ઈંડિયા અંતર્ગત ઊર્જા સરંક્ષણ માટે યુથ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજેશ્રી વૈષ્ણેએ વિદ્યાર્થીઓને વિશદ માહિતી પૂરી પાડી હતી. અજીતસિંહ સોલંકીએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. ગેઈલ ઈંડિયા અને પી.સી.આર. તરફથી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને અલ્પાહારની ભેટ ધરવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બુધવારના રોજ ઈન્ટર હાઉસ ગ્રુપ સોંગ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સોંગનું ગ્રુપમાં ગાન કર્યુ હતું. આ સ્પર્ધામાં બ્લ્યુ હાઉસ વિજેતા બન્યું હતું. આચાર્યએ સમગ્ર શાળા પરિવાર વતી સ્પર્ધામાં ભાગ લેનારા અને વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય ખાતે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

શ્રી સ્વામિ યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે સહઅભ્યાસ પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના પ્રગટે તે અંતર્ગત દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગલીધો હતો.

ગીત સ્પર્ધાની વિશેષતા એ હતી કે દરેક વિદ્યાર્થીએ ગીત મોઢે કરીને પછી ગાયું હતું. સ્પર્ધાને અંતે દરેક ધોરણમાંથી શ્રેષ્ઠ ગાયન કરનાર વિદ્યાર્થીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ધોરણ-૧થી ૮માં અનુક્રમે જાહ્નવી ભગોરા, ખુશ્બુ મનાત, મિતરાજ રાણા, તમન્ના રાણા, ક્રિશ શર્મા, શાહિદ શેખ, અંકિત રાઠોડ અને તમન્ના શેખ વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર ગીત સ્પર્ધાનું આયોજન અને સંચાલન મિત્તલબેન કે પટેલે કર્યુ હતું. નિર્ણાયક તરીકે ઉન્નતિબેન એ સોલંકી અને ધારિણીબેન જે ચાવડાએ પોતાની સેવાઓ આપી હતી. આભાર દર્શન હંસાબેન મોદીએ કર્યુ હતું. વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય જયંતીભાઈ વી પટેલે અભિનંદન પાઠવ્યા હતા.




**ગાંધીનગર સેક્ટર - ૧૬ શ્રમજીવી વસાહતના વિદ્યાર્થીઓ માટે સર્વ નેતૃત્વના યુવાનો ‘મિશન વિદ્યા’ દ્વારા ‘પઢેગા ઇન્ડિયા તભી તો આગે બઢેગા ઇન્ડિયા’ સાથે ભણતરની પ્રવૃત્તિને વેગ આપે છે. બાળકોને એન્જિનિયરિંગ કોલેજમાં મુલાકાત કરાવી અને એમને આગળ વધવા માટે એક નિશાન આપ્યું અને સંદેશો આપ્યો કે જો આ કોલેજમાં અભ્યાસ કરવો હોય તો અત્યારે અભ્યાસ કરો.**

# IITGN ખાતે કોગ્નિટોક્સ ૨૦૨૦માં સંગીત, કૉમિક્સ અને પ્રાણી કલ્યાણનો સમજશક્તિ સાથે સંબંધ વિશે ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૫

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) ખાતે સેન્ટર ફોર કોગ્નિટીવ સાયન્સ તેની વાર્ષિક ઈવેન્ટ કોગ્નિટોક્સની આગામી આવૃત્તિ ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ યોજશે. વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો દ્વારા સમજશક્તિ વિશે શીખવાની ક્ષિતિજોને વિસ્તૃત કરવાના હેતુ સાથે દર વર્ષે આયોજિત કરવામાં આવતા કોગ્નિટોક્સ ૨૦૨૦ના ઉત્સાહજનક લાઈનઅપમાં ઈકોલોજિસ્ટ, ન્યુરોસાયકોલોજિસ્ટ, સંગીતકાર અને કાર્ટૂનિસ્ટ હશે.

નિષ્ણાતો વિવિધ વિષયો પર તેમના મંતવ્યો રજૂ કરશે જે માનવ સમજશક્તિને પ્રભાવિત કરે છે. બેંગ્લોરની સંસ્થા અત્રી (અશોકા ટ્રસ્ટ ફોર રીસર્ચ ઈન ઈકોલોજી એન્ડ એન્વાયરમેન્ટ)ના એક ઈકોલોજિસ્ટ અબી તમિમ વનાક ‘મિસપ્લેસ્ડ કમ્પેશન: ડોગ્સ, રેબીઝ, એન્ડ એનિમલ વેલફેર ઈન ઈન્ડિયા’ વિશે વાત કરશે; નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સિસ (નિમહંસ)ના ન્યુરોસાયકોલોજિસ્ટ શાંતાલા હેગડે ‘મ્યુઝિકલ નોટ્સ ટુ ન્યુરલ પ્લાસ્ટિસિટી’ વિશે ચર્ચા કરશે; એબીપીના વિજ્ઞાન પત્રકાર અને કોમિક્સ આર્ટિસ્ટ અર્ઘા મન્ના ‘ચેલેંજીંગ ધ લિંગવિસ્ટિક: ડિટરમિનિઝમ ઈન સાયન્સ થ્રુ કોમિક્સ’ વિષય પર એક વકતવ્ય આપશે; અને રોકસ્કૂલ લિ.ના સંગીતકાર રિતેશ ખોખર ‘પ્રેક્ટીસ ઓફ મ્યુઝિક ટીચીંગ એન્ડ પર્ફોર્મન્સ’ વિશે વાત કરશે. આ ટોક્સ બપોરે ૨ વાગ્યે આઈઆઈટી ગાંધીનગર કેમ્પસમાં એબી ૧/૨૦૧ ખાતે શરૂ થશે.

આધુનિક વિજ્ઞાન, તકનીકી, કલા અને ડિઝાઈનમાં માનવીય સમજશક્તિને સમજવું વધુને વધુ મહત્વનું બની રહ્યું છે. નવી તકનીકીઓએ આપણે વિશ્વને કેવી રીતે સમજીએ છીએ, માહિતી શીખીએ અને યાદ રાખીએ છીએ, નિર્ણયો લઈએ છીએ અને પરિસ્થિતિનો સામનો કરીએ છીએ તેના સિદ્ધાંતોને સામેલ કરવાનું શરૂ કર્યુ છે. આ નવીન ઈવેન્ટનો હેતુ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને એક સાથે લાવવાનો છે અને મનુષ્યો કેવી રીતે વિચારે અને કાર્ય કરે છે તેની ચર્ચા કરવાનો છે. આ કાર્યક્રમમાં એનઆઈડી, એનઆઈએફટી, આઈઆઈએમ, ડીએઆઈઆઈસીટી અને અન્ય પાડોશી સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોને પણ આમંત્રિત કર્યા છે.

આઈઆઈટીજીએન ખાતેનું સેન્ટર ફોર કોગ્નિટીવ સાયન્સ માનવ સમજશક્તિ અને વર્તન ક્ષેત્રે શિક્ષણ અને સંશોધન કરે છે. ફેકલ્ટી મેમ્બર્સ વિઝ્યુઅલ દ્રષ્ટિકોણ, હાથની ગતિવિધિઓ, ન્યુરોમાર્કેટિંગ, મૂર્તિમંત સમજશક્તિ અને સામાજિક સમજશક્તિ જેવી નવી સમસ્યાઓ પર કામ કરે છે.



ગાંધી-મૂલ્યો-વિચારોને વરેલા લોકસેવક, સ્વાતંત્ર્ય-સેનાની, ખાદી-રચનાત્મક ક્ષેત્રનાં આગેવાન, પૂર્વ મંત્રી સ્વ. વજુભાઈ શાહની ૧૧૦મી જન્મજયંતી (જન્મ : ૦૬-૦૨-૧૯૧૦. નિધન : ૦૯-૦૧-૧૯૮૩) અવસરે એમના અમેરિકા સ્થિત વૈજ્ઞાનિક પુત્ર ડો. અક્ષયભાઈ શાહ અને પુત્રવધૂ અનારબેન શાહ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનને અદ્યતન સાઉન્ડ સિસ્ટમ ભેટ અપાઈ. આઝાદીની લડત વખતે સ્વ. વજુભાઈ શાહ, ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય, દેશપ્રેમ અને ગાંધી ગીતો, પોતાના બુલંદ કંઠે ગાઈને ગામે-ગામ નવચેતનાનો સંચાર કરતા. આથી ગાંધી-૧૫૦ નિમિત્તે મહાત્મા ગાંધીને પ્રિય એવાં મેઘાણી-ગીતો ગ્રામ્ય-સ્તરે નવી પેઢી સુધી પહોંચે તેવી ભાવના છે. યુવા પેઢીમાં ખાદીનાં પ્રચાર-પ્રસાર માટે પણ ડૉ. અક્ષયભાઈ - અનારબેન શાહ સવિશેષ પ્રયત્નશીલ છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સાથે સ્વ. વજુભાઈ શાહના અનેક લાગણીસભર સંભારણાં છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિના ઉપક્રમે ઉમિયા કૉલેજ, સોલાની વિદ્યાર્થિનીઓ દ્વારા એકત્ર કરવામાં આવેલી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ શામળાજી વિસ્તારનાં ગામોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિએ ૨૭ વિદ્યાર્થિનીઓને સાથે રાખીને તેમના હાથે જ આ વિતરણ કરાવ્યું હતું, જેમાં ધાબળાં, ટીશર્ટ, ચિક્કી, મોજાં, બૉટલ, સ્લિપર, લંચ બૉક્સ, ટોવેલ, દેશી હિસાબ, પિગી બૅન્ક, નૅલ કટર, ચણાના પૅકેટ, કોપરેટ, નોટબુક વગેરેનો સમાવેશ થતો હતો.



શામળપુર, કુસ્કી, વાઘપુર, દેવની મોરી, કુસ્કી છાપરા, ગોઢ, હિમ્મતપુર અને નવલપુર પ્રાથમિકશાળાનાં બાળકોને ત્રણથી વધુ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો સાથે કૉલેજની વિદ્યાર્થિનીઓએ ગરબા અને રમતોનો આનંદ માણ્યો હતો. પ્રત્યેક શાળાના આચાર્યને સ્કૂલ માટે દીવાલ ઘડિયાળની ભેટ પણ આપવામાં આવી હતી. ડૉ. સંગીતા ઘાટેની આગેવાની હેઠળ યોજાયેલા આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી મિલિન્દભાઈ અને ભીમજીભાઈ જોડાયા હતા.